**ભિક્ષા નહીં શિક્ષા**

# સિગ્નલ સ્કૂલ બસનો પ્રારંભ

**સુપ્રીમ** કોર્ટના ન્યાયાધીશ વિક્રમ નાથે સિગ્નલ સ્કૂલ, GSLSA વોર રૂમ અને કાયમી લોક અદાલતનો પ્રારંભ કરાવ્યો

સુરતઃ શનિવારે અડાજણ સ્થિત સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, પાલિકા અને શિક્ષણ સમિતિ સુરતના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા ''ઉડાન - અધિકારો સે આત્મનિર્ભરતા'' કાર્યક્રમ બાદ સિગ્નલ સ્કૂલ બસને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ ક્લસ્ટર માટે કાયમી લોક અદાલતનો વર્ચ્યુઅલી શુભારંભ કરાવવામાં આવ્યો હતો.



## સિગ્નલ સ્કૂલ પ્રોજેક્ટ સફળ થશે : ગુજરાત HCનાં મુખ્ય ન્યાયાધીશ



ગુજરાત હાઈકોર્ટનાં મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલે જણાવ્યું કે, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળોમાં ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપીને સમયસર કેસોના નિકાલ અને ન્યાયિક પ્રક્રિયામાં વધુ પારદર્શિતા અને ઝડપ લાવવામાં આવી છે. 'મોબાઈલ લોક અદાલત' વાનની સેવાઓનો વ્યાપ વધારવામાં આવ્યો છે. તેમણે 'ભિક્ષા નહીં, શિક્ષા'ના ધ્યેય સાથે અમદાવાદની સફળ તર્જ પર હવે સુરતમાં પણ સિગ્નલ સ્કૂલ પ્રોજેક્ટ સફળ બનશે. ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ તથા GSLSAના કારોબારી અધ્યક્ષ અલ્પેશ કોગજેએ જણાવ્યું કે, પહેલો ભલે અલગ-અલગ હોય, પરંતુ તેમનો મુખ્ય હેતુ સમાજના અંતિમ વ્યક્તિ સુધી તેના હક અને ન્યાય પહોંચાડવાનો છે.

## જસ્ટિસ વિક્રમ નાથે ખાખરાને યાદ કરી ગુજરાતને બીજું ઘર ગણાવ્યું



સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વિક્રમ નાથે કહ્યું હતું કે, ઉત્તર પ્રદેશ મારું પહેલું ઘર છે, પણ ગુજરાત સ્વાભાવિક રીતે મારું બીજું ઘર બની ગયું છે. દિલ્હીમાં પણ સાંજના નાસ્તામાં રોજ ખાખરા અને ગાંઠિયા જ હોય છે. તેમણે સંજીવકુમાર ઓડિટોરિયમનો ઉલ્લેખ કરતા કહ્યું કે, બાળપણમાં જેમની ફિલ્મો જોઈ છે તેવા મહાન અભિનેતા સ્વ.સંજીવકુમારના હોમટાઉન સુરતમાં આવવું ગૌરવપૂર્ણ છે. કાનૂની સહાય માત્ર વકીલ પૂરો પાડવા પૂરતી સીમિત નથી. ન્યાયિક કામગીરીનું આકલન માત્ર કાગળ પરના આંકડાઓથી નહીં, પરંતુ જરૂરિયાતમંદ વ્યક્તિના જીવનમાં કેટલું વાસ્તવિક પરિવર્તન આવ્યું તેના આધારે થવું જોઈએ. ટ્રાફિક સિગ્નલ પર રહેતાં બાળકોને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવાની માનવીય પહેલની સરાહના કરતા વિક્રમ નાથે કહ્યું કે, સિગ્નલ સ્કૂલ માત્ર એક બસ નથી, પરંતુ બાળકને નિયમિત શાળા અને તેના સપનાં સુધી પહોંચાડતો એક મજબૂત પુલ છે.

## ન્યાય અપાવવા કાનૂની સેવા સત્તા મંડળ પ્રતિબદ્ધ : મુખ્ય જિલ્લા ન્યાયાધીશ

સુરતના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ રાહુલ ત્રિવેદીએ મહાનુભાવોને આવકારી છેવાડાના માનવી સુધી કાનૂની જાગૃતિ પહોંચાડવા અને નાગરિકોને કાનૂની સહાય સરળતાથી ઉપલબ્ધ કરાવવા માટે ન્યાય તંત્ર, કાનૂની સેવા સત્તા મંડળની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## PSPના ઈજનેરે શેરમાં ઊંચા નફાની લાલચમાં રૂ.૧૩.૧૦ લાખ ગુમાવ્યા

સુરતઃ અડાજણના એલ.પી. સવાણી રોડ સ્થિત સાંઈરચના સોસાયટીમાં રહેતા અને પી.એસ.પી. પ્રોજેક્ટ લિમિટેડમાં એન્જિનિયર તરીકે ફરજ બજાવતા હર્ષ શાહના વોટ્સએપ પર સિદ્ધિ શ્રેયંસ મુનોટ નામના વ્યક્તિએ સંપર્ક કરી પોતાની ઓળખ 'FORBES EMF' નામની કંપનીના પ્રતિનિધિ તરીકે આપી સેબીના બોગસ રજિસ્ટ્રેશન નંબરવાળો લેટરપેડ દર્શાવી વિશ્વાસ કેળવ્યો હતો. સાયબર ઠગોએ રૂ.૧,૮૦૦નો નફો વિડ્રો કરવા દઈને વિશ્વાસ સંપાદિત કર્યો હતો. ત્યારબાદ ઈજનેરે રૂ. ૧૩,૧૦,૦૦૦ ટ્રાન્સફર કરતાં વેબસાઈટ આઈડી પર તેને રૂ.૬.૪૭ લાખનો નફો બતાવતો હતો પરંતુ જ્યારે નાણાં ઉપાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે ઠગોએ 'એક્સ્ટ્રા શેર એલોટ' થયા હોવાનું કહી વધુ રૂ.૭.૧૯ લાખ માંગ્યા હતા અને ઈજનેરને ના પાડતાં તેને નાણાં ઉપાડવા દીધા નહોતા.




## જયપુરથી લાવ્યા બાદ વિકસેલા શિવલિંગનું મંદિર એટલે ઉધનાનું ઓમકાલેશ્વર મહાદેવ

**શ્રાવણમાં મહાદેવનો મહિમા**

સુરતઃ ઉધના વિસ્તારમાં આવેલી ભગવતી નગર સોસાયટીમાં ઓમ કાલેશ્વર મહાદેવ મંદિર છેલ્લા 65 વર્ષથી શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર બન્યું છે. મંદિરની સ્થાપના આશરે 65 વર્ષ અગાઉ કરવામાં આવી હતી. મંદિરના શિવલિંગને જયપુરથી લાવવામાં આવ્યું હોવાનું જણાવાય છે. તે સમયે શિવલિંગનો આકાર નાનો અને ચંદ્રાકાર હતો. સમય જતાં શિવલિંગનો આકાર પણ આસપાસની બાજુએ ચંદ્રાકાર રીતે વિસ્તર્યો હોવાનું શ્રદ્ધાળુઓ માને છે. મંદિર સાથે સ્થાનિક લોકોની વર્ષોથી આસ્થા જોડાયેલી છે. ભગવતી નગર સોસાયટી ઉપરાંત આસપાસના વિસ્તારમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહીં મહાદેવના દર્શન કરવા આવે છે. ખાસ કરીને પવિત્ર શ્રાવણ માસ દરમિયાન મંદિર ખાતે પૂજા-અર્ચના અને દર્શન માટે ભક્તોની અવરજવર વધે છે.

## ડિંડોલીમાં ૩ લાખના ચોરાયેલા દાગીના પોલીસે શોધી કાઢ્યા

સુરત : ડિંડોલી સ્વસ્તિક ટાઉનશીપ ખાતે રહેતા અરજદારના ઘરના કબાટમાંથી રૂપિયા ૩ લાખથી વધુની કિંમતના સોના-ચાંદીના કિંમતી દાગીના મળી આવ્યા નહોતા. જેથી પરેશાન થયેલા પરિવારે તાત્કાલિક ડિંડોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી સમગ્ર બનાવ અંગે જાણ કરી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ પીઆઈ પી.એલ.વાઘેલા તથા જે.એમ.ખાંટના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. અજયભાઈ અને તેમની ટીમે અરજદારના ઘરે આવેલા લોકો અંગે પૂછપરછ હાથ ધરી અરજદારની પુત્રીની એક સગીર વયની બાજુમાં રહેતી મિત્ર ઉપર શંકા ઉપજતાં તેના ઘરે તપાસ કરતાં તમામ દાગીના મળી આવ્યા હતા. પોલીસે બાળકીના ભવિષ્યને ધ્યાને રાખી ગુનો નોંધ્યો નહોતો.

## નવરાત્રિ માટે માતાજીની રંગબેરંગી ગરબીઓ તૈયાર કરતા કારીગરો



(તસવીર : સતીષ જાદવ)

■ હજુ શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે, જે બાદ બાપ્પાની સવારી આવશે અને ભાદરવા બાદ માં શક્તિનું ઉપાસનાનો મહાપર્વ નવરાત્રિ આવશે. જો કે હજુ નવરાત્રિને દોઢ મહિનાથી વધુનો સમય બાકી છે પરંતુ કુંભાર સહિત કારીગરો માતાજીની ગરબીઓ તૈયાર કરવાની કામગીરીમાં લાગી ગયા છે. તસવીરમાં કુંભાર ગરબીઓને વિવિધ રંગમાં રંગી આકર્ષક બનાવી રહ્યો છે.

# મનપાની હોટફિક્સનાં 1,500 ગેરકાયદે ખાતાઓને નોટિસ

**મિલકતોને** સીલ કરવા સુધીનાં કડક પગલાં ભરાશે

સુરતઃ ગત તારીખ 27 ઓગસ્ટ 2026ના રોજ આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓએ સુરત શહેરના મેયર માયા માવાણીના ઘરે હોટફિક્સના પ્લાસ્ટિક કચરાનો ઢગલો કરીને વિરોધ નોંધાવ્યો હતો. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડતાં મનપા તંત્ર તાત્કાલિક દોડતું થયું છે અને માત્ર બે જ દિવસમાં તમામ ઝોન વિસ્તારના રેસિડેન્સિયલ વિસ્તારોમાં ગેરકાયદે ચાલતા 1,500થી વધુ હોટફિક્સના ખાતાઓને નોટિસો ફટકારવામાં આવી છે.

સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા તારીખ 27 અને 28 ઓગસ્ટ દરમિયાન વરાછા ઝોનમાં 547, સરથાણામાં 115, લિંબાયતમાં 216, કતારગામમાં 160 અને ઉધના ઝોનમાં 10 મિલકતોને નોટિસ આપવામાં આવી છે. આ ઉપરાંત ફાયર બ્રિગેડ વિભાગે પણ આવી મિલકતો સામે લાલ આંખ કરીને 368 નોટિસો ઈશ્યુ કરી છે. વીજ જોડાણ કાપવા માટે જીઈબી અને ટોરેન્ટ પાવરને પણ સત્તાવાર જાણ કરી દેવામાં આવી છે.

સ્થાયી સમિતિની બેઠકમાં આ મુદ્દે ડેપ્યુટી કમિશનર નિધિ શિવાચે સ્પષ્ટતા કરી છે કે નોટિસ અને વીજ કનેક્શન કાપવાની કાર્યવાહી બાદ પણ જો ગેરકાયદે ખાતાઓ ચાલુ રહેશે તો મિલકતોને સીલ કરવા સુધીના કડક પગલાં ભરવામાં આવશે. અને આ કચરાના નિકાલ માટે મનપા દ્વારા ઓપન પ્લોટો પર આ કચરો એકત્રિત કરી તેનો નિકાલ કરવા માટેની કામગીરી કરાશે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરતના મલયાલી પરિવારની કથા 'રેઈનબોઝ ઇન મોનોક્રોમ' ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં પહોંચી





સુરત : મલયાલમ શોર્ટ ફિલ્મ 'રેઈનબોઝ ઈન મોનોક્રોમ'નું શૂટિંગ સુરતના વિવિધ સ્થળોએ માત્ર ૫ દિવસમાં પૂર્ણ કરવામાં આવ્યું હતું. ફિલ્મના દિગ્દર્શક રાહુલ નાયર છે. રોહન પાનવાલા ફિલ્મના ક્રિએટિવ ડિરેક્ટર અને લેખક છે. ફિલ્મનું નિર્માણ પ્રભાકર સિંહ, રોહન પાનવાલા અને રાહુલ નાયર દ્વારા કરવામાં આવ્યું છે. સોનલ બિયાણી અને મિહિર નાણાવટી ફિલ્મના સહ-નિર્માતા છે. આ શોર્ટ ફિલ્મ 'શિકાગો સાઉથ એશિયન', 'ડીસી સાઉથ એશિયન' અને 'ઈન્ટરનેશનલ થાઈ ફિલ્મ ફેસ્ટિવલ'ની કમ્પિટિશન કેટેગરીમાં સિલેક્ટ થઈ છે. આ બંને અમેરિકન ફિલ્મ ફેસ્ટિવલ્સમાં પસંદગી મેળવનારી સુરતની પ્રથમ ફિલ્મ છે. ફિલ્મનું નિર્માણ મુખ્યત્વે સુરતના જ કલાકારો અને ટેકનિશિયનો દ્વારા કરવામાં આવ્યું છે. ૫૦થી વધુ ક્રૂ મેમ્બર્સની ટીમે સુરતમાં માત્ર ૫ દિવસના ગાળામાં આ ફિલ્મનું શૂટિંગ પૂર્ણ કર્યું હતું.

### ભિન્નમાલ ત્રાગડ બ્રાહ્મણ સમસ્ત પંચનું 70 તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ



સુરત : ભિન્નમાલ ત્રાગડ બ્રાહ્મણ યુવક મંડળ તથા મહિલા મંડળ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે અને સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધે તેવા શુભ હેતુથી વાર્ષિક ઇનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખ રિદ્ધીશભાઈ મહેતા અને મંત્રી પ્રિતેશભાઈ શર્માની આગેવાનીમાં યોજાયેલા આ પ્રસંગે શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવનાર ૭૦ તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની મહેનત અને સિદ્ધિને બિરદાવતા તેમને ભવિષ્યમાં પણ ઉચ્ચ અભ્યાસ કરી સમાજનું નામ રોશન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યે ઉત્સાહ વધે અને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણા આપવા કાર્યક્રમમાં સમાજના આગેવાનો, વાલીઓ તથા જ્ઞાતિજનોની ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવક મંડળ તથા મહિલા મંડળના સભ્યોએ સહયોગ આપ્યો હતો.

### પ્રકૃતિની સાથે અડપલાં કરો તો પ્રકૃતિ ક્યાં સુધી સહન કરશે?: પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘના જૈન ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે સામ્પ્રત સમસ્યાના અનુસંધાનમાં દર્દસભર પ્રવચન દ્વારા જણાવ્યું હતું કે, અત્યારે જે સમસ્યાઓ ઉદ્ભવી છે એના કેન્દ્રમાં નિષ્ઠુર માનવ છે. પ્રકૃતિની સાથે અડપલા કરો તો પ્રકૃતિ ક્યાં સુધી સહન કરશે ? પ્રકૃતિની પણ સહનશીલતા અંગે કેટલીક મર્યાદાઓ હોય છે. એ મર્યાદાઓનું તમે ઉલ્લંઘન કરો તો એના પરચાઓ ભોગવવા તૈયાર રહેવું પડે છે. માનવસર્જિત સમસ્યાઓએ પ્રકૃતિનો કચ્ચરઘાણ બોલાવી દીધો છે. એમાંય પડોશી દેશોએ તો હદ વટાવી દીધી છે. અમેરિકા, ચીન અને પાકિસ્તાન તો માથાનો દુઃખાવો છે જ. એમાંય ખતરનાક કોઇ હોય તો ડ્રેગન એવું ચીન છે. જે હિમાલય હિંદુસ્તાનનો બાપ કહેવાય એની સ્થિતિ અત્યન્ત દયનીય છે. આ ડ્રેગને કોઇને છોડ્યા નથી. હમણાં નેપાળમાં જે તબાહી મચી છે એના મૂળમાં પણ ચીન છે.

### સુરતમાં ત્રણ દિવસીય 'કૃષ્ણોત્સવ', 150 ફૂટના સ્ટેજ પર વૃંદાવન-મથુરા ઊભું કરાશે

સુરતઃ જન્માષ્ટમીના પાવન પર્વને આધુનિકતા અને આધ્યાત્મિકતાના સંગમ સાથે ઉજવવા સુરતમાં પ્રથમ વખત ત્રણ દિવસીય ભવ્ય 'કૃષ્ણોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. 150 ફૂટના વિશાળ સ્ટેજ પર આધુનિક ટેક્નોલોજી સાથે કૃષ્ણભક્તિની નવી અનુભૂતિ, વૃંદાવન-મથુરા જેવો માહોલ સર્જાશે. પ્રો ક્રિએટ ઇવેન્ટ્સ દ્વારા ૨૯, ૩૦ અને ૩૧ ઓગસ્ટ દરમિયાન સુરત એરપોર્ટ નજીક સુરત-ડુમસ રોડ પર આવેલા અદ્વૈતા બોલરૂમ એન્ડ લોન્સ ખાતે યોજાનાર આ વિશિષ્ટ ડિવોશનલ મ્યુઝિક કોન્સર્ટની આજથી ભવ્ય શરૂઆત થઈ છે. આયોજક પર્વ પરમારે જણાવ્યું હતું કે, "આ માત્ર પરંપરાગત ધાર્મિક કાર્યક્રમ નથી, પરંતુ કૃષ્ણના જીવન, તેમના પ્રેમ અને જીવનદર્શનને આધુનિક મ્યુઝિક, લાઇવ પરફોર્મન્સ અને ઇમર્સિવ ટેક્નોલોજીના માધ્યમથી નવી પેઢી સુધી પહોંચાડવાનો અનોખો પ્રયાસ છે. કૃષ્ણોત્સવમાં ત્રણ દિવસને ત્રણ અલગ થીમ સાથે રજૂ કરવામાં આવી રહી છે- ડિવોશન, એન્ચેન્ટમેન્ટ અને સેલિબ્રેશન. આજના પ્રથમ દિવસ 'ડિવોશન' કૃષ્ણ પ્રત્યેની ભક્તિને સમર્પિત રહ્યું હતું.

### પંચમ્ ગ્રુપ દ્વારા રફી અને મુકેશનાં ફિલ્મી ગીતોની સ્પર્ધા રવિવારે યોજાશે

સુરતઃ ' ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા રફી અને મુકેશના ફિલ્મી ગીતોનો જાહેર કાર્યક્રમ આગામી રવિવાર તા.૩૦મી ઓગસ્ટના બપોરે ૪થી ૮ કલાક દરમિયાન સ્વરાંગન સ્ટુડિયો, રાજહંસ સ્ટેડિયમ પ્લાઝા, નવી એલ પી સવાણી સ્કૂલ પાસે, પાલ, સુરત ખાતે રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમ માણવા માટે કોઈ પ્રવેશ ફી નથી. સંગીત રસિકોને પધારવા માટે આમંત્રણ અપાયું છે.

# અશ્વિનીકુમાર-ઉત્રાણ બ્રિજ મામલે ભાજપનો જૂથવાદ બહાર આવ્યો

**કોર્પોરેટરે** બ્રિજની અનિવાર્યતા સામે સવાલ કર્યો, બીજી તરફ પૂર્વ શાસક પક્ષ નેતાની ફાઈલ અટકાવવા સામે આંદોલનની ચીમકી

સુરતઃ અશ્વનીકુમારથી ઉત્રાણને જોડતા સુચિત રિવર બ્રિજ પ્રોજેક્ટને લઈને સુરત મહાનગરપાલિકામાં શાસક પક્ષ ભાજપનો આંતરિક વિખવાદ સામે આવ્યો છે. મનપાની ગત સામાન્ય સભામાં ભાજપના જ કોર્પોરેટર ભૂપેન્દ્ર રાઠોડે આ બ્રિજની વર્તમાન સમયમાં કોઈ આવશ્યકતા ન હોવાનો મત વ્યક્ત કર્યો હતો. તેમણે ટકોર કરી હતી કે આ બ્રિજના આયોજનને કારણે ઉત્રાણ તરફ ગામતળની ઘણી મિલકતો અવરોધરૂપ બનશે. આ બ્રિજ છેલ્લા કેટલાક વર્ષોથી મનપાના બજેટનો હિસ્સો હોવા છતાં તેની ફાઇલ આગળ ધપતી ન હતી. પરંતુ હવે જ્યારે કામગીરી હાથ ધરાઈ રહી છે, ત્યારે કોર્પોરેટર રાઠોડે પ્રોજેક્ટની અનિવાર્યતા સામે સવાલો ઊભા કરી અન્ય વિકલ્પો અને અનિવાર્યતાની ચકાસણી કરીને જ આગળ વધવા સૂચન કર્યું છે.

બીજી તરફ, મનપાના પૂર્વ શાસક પક્ષ નેતા આર. કે. લાઠિયાએ આ મામલે મેયરને સીધો પત્ર લખીને પ્રોજેક્ટ અટકાવવાનો પ્રયાસ કરનાર વર્તમાન કોર્પોરેટર સામે પગલાં ભરવાની માંગ કરી છે. પત્રમાં આક્ષેપ કરાયો છે કે કોર્પોરેટરના અંગત અહમ અને સ્વાર્થને બદલે ઉત્રાણ, મોટા વરાછા અને આસપાસના લાખો લોકોના હિતને પ્રાધાન્ય આપવું જોઈએ.

તેમણે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો ઈરાદાપૂર્વક આ બ્રિજની કામગીરી કે ફાઈલો અટકાવવામાં આવશે તો સ્થાનિક રહીશોને સાથે રાખીને ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. નોંધનીય છે કે આ બ્રિજ માટે ફિઝિબિલિટી ચેક કરવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, પરંતુ અંદાજ પત્ર તૈયાર થાય તે પહેલાં જ આંતરિક આક્ષેપબાજીથી વિવાદ વધુ વકરવાની શક્યતા છે.

# ફરજ વખતે શંકાસ્પદ વર્તન બદલ નવી સિવિલના રેસિડન્ટને નોટિસ

**ટ્રોમા** સેન્ટરમાં સિનિયર ડોક્ટર સાથે ઉદ્ધત વર્તનનો આક્ષેપઃ નશામાં હોવાની શંકા અંગે તંત્રએ ખુલાસો માંગ્યો

સુરતઃ સુરતની નવી સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ફરજ દરમિયાન શંકાસ્પદ વર્તન અને સિનિયર ડોક્ટર સાથે ગેરવર્તણૂક કરવાના આક્ષેપને પગલે ઓર્થોપેડિક વિભાગના બીજા વર્ષના રેસિડન્ટ ડોક્ટર સામે હોસ્પિટલ તંત્રએ કાર્યવાહી શરૂ કરી છે. સમગ્ર ઘટનાને ગંભીરતાથી લઈ સંબંધિત રેસિડન્ટ ડોક્ટરને કારણદર્શક નોટિસ ફટકારીને ખુલાસો માંગવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગુરુવારે સાંજે ટ્રોમા સેન્ટરમાં ઓર્થોપેડિક વિભાગના રેસિડન્ટ ડોક્ટરની વર્તણૂકને લઈને ત્યાં ફરજ બજાવી રહેલા સિનિયર ડોક્ટરને શંકા ગઈ હતી. રેસિડન્ટ ડોક્ટર નશાની હાલતમાં ફરજ બજાવી રહ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. આ અંગે સિનિયર ડોક્ટરે પૂછપરછ કરવાનો પ્રયાસ કરતાં બંને વચ્ચે બોલાચાલી અને ઉદ્ધત વર્તન થયું હોવાની વિગતો સામે આવી છે. આ ઘટનામાં સરકારી મેડિકલ કોલેજના ઈન્ચાર્જ ડીન તથા ઓર્થોપેડિક વિભાગના વડા ડો. હરી મેનનના માર્ગદર્શન હેઠળ સંબંધિત રેસિડન્ટ ડોક્ટરને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. નોટિસમાં ફરજ દરમિયાન અશોભનીય વર્તન અને શિસ્તભંગ બદલ તમારી સામે શિક્ષાત્મક પગલાં કેમ ન ભરવા જોઈએ તે અંગે સ્પષ્ટીકરણ માંગવામાં આવ્યું છે.

### નશામાં હોવાની આશંકા અંગે તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થશે

સમગ્ર મામલામાં રેસિડન્ટ ડોક્ટર નશાની હાલતમાં હતો કે કેમ તે અંગેની વાત હાલ માત્ર શંકા અને આક્ષેપના સ્તરે છે. તંત્ર દ્વારા આપવામાં આવેલી કારણદર્શક નોટિસમાં મુખ્યત્વે ફરજ દરમિયાન થયેલા કથિત ગેરવર્તણૂક અને શિસ્તભંગ અંગે ખુલાસો માંગવામાં આવ્યો છે. રેસિડન્ટ ડોક્ટરનો જવાબ અને તંત્રની તપાસ બાદ જ સમગ્ર ઘટનાની હકીકત વધુ સ્પષ્ટ થશે.

# ચાર દિવસ પહેલા પત્નીએ માર્યા બાદ યુવાનનું મોત

**શાહપોરમાં** રહેતો અનિલ કુંડલીકર સવારે ઊઠ્યો જ નહીં, ઈજાનાં નિશાન મળ્યા

**પોસ્ટમોર્ટમ** રિપોર્ટ બાદ જ મોતનું સાચું કારણ સ્પષ્ટ થશે

સુરત : સૈયદપુરા વિસ્તારમાં શનિવારે ૩૫ વર્ષીય યુવાનનું રહસ્યમય સંજોગોમાં મોત થતાં ચકચાર મચી ગઈ હતી.

નવી સિવિલ હોસ્પિટલમાંથી મળતી વિગતો મુજબ, સૈયદપુરા શાહપોર વિસ્તારમાં ડો. ભક્કાના દવાખાના પાસે આવેલા આકાશ ગંગા એપાર્ટમેન્ટમાં ૩૫ વર્ષીય અનિલ તુલસીરામ કુંડલીકર પરિવાર સાથે રહેતો હતો અને મજૂરી કામ કરતો હતો. શનિવારે સવારે તેની માતા તેને જગાડવા માટે ગઈ હતી. પરંતુ અનિલ ઉઠ્યો ન હતો. અનિલને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જોકે, ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

પરિવારજનોએ પોલીસને આપેલી કેફિયત મુજબ, ત્રણથી ચાર દિવસ પહેલાં અનિલ અને તેની પત્ની વચ્ચે કોઈ કારણસર ઝઘડો થયો હતો. આ દરમિયાન પત્નીએ લાકડાથી અનિલના માથાના ભાગે માર માર્યો હતો.અનિલના માથાના ભાગે ઈજાના નિશાન મળી આવતા અચાનક થયેલા મોતને લઈને સવાલો ઊભા થયા છે.

પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મોતનું કારણ અને ઈજાની ગંભીરતા અંગે વધુ સ્પષ્ટતા થવાની શક્યતા છે. અનિલને સંતાનમાં ત્રણ પુત્રીઓ છે. લાલગેટ પોલીસે નોંધ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

# સુરતમાં રોટલી બનાવવાની નજીવી બાબતે ખૂની ખેલ

**કતારગામ** નવી GIDCમાં રૂમમેટમાં સાગરિતો સાથે મળી યુવક પર જીવલેણ હુમલો

સુરત : કતારગામ નવી GIDCમાં રોટલી બનાવવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલીનો મામલો લોહીયાળ હુમલામાં પરિણમ્યો હતો.

કતારગામ નવી GIDC સ્થિત ખાતા નં. ૫૬૦માં રહી મજૂરીકામ કરતા રંજીત પપ્પુલાલ જાદવ (ઉં.વ. ૨૫) અને તેનો મિત્ર મોનુ ગઈકાલે સાંજે શાકભાજી ખરીદીને રૂમ પર આવ્યા હતા. તે સમયે રૂમમાં હાજર આકાશ નામના યુવકને રંજીતે 'તું રોટલી બનાવી નાખ, અમે શાક બનાવી લઈએ છીએ' તેમ કહ્યું હતું. આ વાતથી આકાશ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળાગાળી કરી રૂમમાંથી બહાર નીકળી ગયો હતો.

આ બનાવના થોડા સમય બાદ રાત્રે નવેક વાગ્યાના અરસામાં આકાશ મોઢે રૂમાલ બાંધેલા બે-ત્રણ અજાણ્યા સાગરિતો સાથે પરત આવ્યો હતો. જેથી રૂમમાં હાજર દીપુ ડરના માર્યા ખાતાના ઉપરના માળેથી નીચે કૂદી ગયો હતો જ્યારે આકાશ અને તેના સાગરિતોએ રંજીત સાથે ઝઘડો કરી તેની સાથે હાથાપાઈ શરૂ કરી હતી. ત્યારબાદ તીક્ષ્ણ હથિયાર વડે રંજીતના કમરના ભાગે બે ઘા ઝીંકી દીધા હતા. તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. કતારગામ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

યાર્નના કૃત્રિમ ભાવ વધારાની સ્પિનર્સની જાળમાં ફસાયા વિના

# બજારભાવથી નીચે ગ્રે ના વેચો રેપિયાર જેકાર્ડ વીવર્સ એસો.

**રેપિયર** જેકાર્ડ અને એરજેટ વિવર્સ એસોસિએશનની કારખાનેદારોને અપીલ

સુરતઃ સુરતની ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી હાલ કટોકટીના સમયમાંથી પસાર થઈ રહી છે ત્યારે રેપિયર જેકાર્ડ અને એરજેટ વીવર્સ એસોસિએશનના આગેવાનોએ કારખાનેદારોને મહત્ત્વપૂર્ણ અપીલ કરી છે.

બજારમાં ભાવનું સંતુલન જળવાઈ રહે તે માટે કારખાનેદારોએ ઉતાવળમાં બજારભાવથી નીચે ગ્રે કાપડનું વેચાણ નહીં કરવા અને હાલના કસોટીના સમયમાં ધીરજ રાખવા રેપિયર જેકાર્ડ વીવર્સ એસો.ના પ્રમુખ સી.કે. માણિયા, રેપિયર જેકાર્ડ એસોસિયેશનના ઉપપ્રમુખ તથા એરજેટ એસો. ના સેક્રેટરી ડો. હરેશ પટેલ અને એરજેટ વીવર્સ એસો.ના પ્રમુખ મયુર ધોળિયાએ સંયુક્ત નિવેદનમાં તમામ વેપારીઓને જણાવ્યું છે.

### સરકાર પાસે ચોક્કસ મિકેનિઝમની માંગ

બંને એસો. દ્વારા સરકાર સમક્ષ યાર્નના ભાવ નક્કી કરવા માટે ચોક્કસ સિસ્ટમ અને મિકેનિઝમ વિકસાવવાની માંગ કરવામાં આવશે. યાર્નના ભાવમાં વારંવાર થતાં વધારાને કારણે સમગ્ર ટેક્સટાઇલ ઉદ્યોગની પડતર કિંમતમાં અસ્થિરતા સર્જાય છે. ઉદ્યોગને કાયમી રાહત મળે તે માટે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવાની માંગ સાથે વીવર્સ આગેવાનો રજૂઆત કરશે.